બ. બચાવ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

ક. ન્યાયાલય આંક

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| | | |
| | | |

## :: ચુકાદો ::

(૧) ફરિયાદપક્ષનાં કેસની વિગત એફ.આઈ.આર. મુજબ ટુંકમાં એવી છે કે, ગઈ તારીખ ૨૭–૧૦–૨૦૨૫ ના રોજ આ કામના ફરિયાદી પોલીસ કોન્સ્ટેબલ રામજીભાઈ મનસુખભાઈ ગરેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ ચાવડા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એચ.ગોહેલ એમ બધા જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ફરતા ફરતા જામકંડોરણા તાલુકાના રાજપરા ગામે નદીના પુલ ઉપર એક ઈસમ હાથમાં પ્લાસ્ટીકની થેલી લઈને શંકાસ્પદ હાલતમાં ઉભેલ હોય, જે પોલીસના માણસો જોઈ આડા આવળો થવા લાગતા તુરંત જ તેની પાસે જઈ ચેક કરતા તેના હાથમાં રહેલ પ્લાસ્ટીકની થેલીમાં જોતા પારદર્શક પ્લાસ્ટીકની થેલીઓમાં દેશીદારૂ જેવુ પ્રવાહી ભરેલ કોથળીઓ જોવામાં આવેલ, જેથી તુરંત જ બે પંચના માણસો ને બોલાવી પંચો રૂબરૂ ઈસમનું નામઠામ પુછતા અનોપસિંહ રવુભા જાડેજા, ઉ.વ.આ. ૩૯, રહે. રાજપરા, તા. જામકંડોરણા, જી. રાજકોટ વાળા હોવાનું જણાવેલ. મજકુર ઈસમના હાથમાં રહેલ પ્લાસ્ટીકની થેલીમાં રહેલ કોથળીઓ પંચો રૂબરૂ બહાર કાઢી ગણી જોતા કોથળીઓ નંગ–૧૦ હોય, જે દરેક કોથળીઓમાં આશરે ૨૦૦ એમ.એલ. જેટલું પ્રવાહી ભરેલ હોય જે દરેક કોથળીઓના મોઢા ખોલી અંદરનું પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા દેશી દારૂ જેવું કેફી પ્રવાહી ભરેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય, જેથી તેમના

